**(1001)** CAG પોતાનો રિપોર્ટ કોને આપે છે?

(A) રાજ્યપાલ (B) રાષ્ટ્રપતિ (C) એકપણ નહીં (D) પ્રાધાનમંત્રી ***Ans:*** B

**(1002)** ભારત માટે બંધારણીય સભાનો ખ્યાલ સૌપ્રથમ નીચેના પૈકી કોણે રજૂ કર્યો ?

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2017]**

(A) જવાહરલાલ નહેરુ (B) એમ. એન. રોય (C) મહાત્મા ગાંધી (D) સરદાર વલ્લભભાઈ પટેલ ***Ans:*** B

**(1003)** કેન્દ્રમાં નવાં રાજ્યોને દાખલ કરવા અથવા તેમની સ્થાપના કરવા બાબતની જોગવાઈ ભારતીય સંવિધાનના કાયદાના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે?

**[સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ-૩, તા. 7-10-2018]**

(A) આર્ટિકલ-7 (B) આર્ટિકલ-9 (C) આર્ટિકલ-5 (D) આર્ટિકલ-2 ***Ans:*** D

**(1004)** લોકસભામાં નીચેના પૈકી કઈ મતદાનની પ્રક્રિયાનો પ્રકાર નથી ?

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) બ્લાઈન્ડ મત

(B) વિભાજન મત

(C) ગુપ્ત મત ***Ans:*** A

(D) કાપલીઓ (સ્લિપ્સ)ના વિતરણ દ્વારા મતની નોંધણી કરવી.

www.Gujarat1.com

**(1005)** ભારતમાં ઉત્કૃષ્ટ સાંસદ એવોર્ડ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં નથી?

(1) આ એવોર્ડ મેળવવા સારુ ફક્ત લોકસભાના જ સભ્યો લાયક ઠરે છે.

(2) આ એવોર્ડ મેળવવા સારુ લોકસભા અને રાજ્યસભાના સભ્યો લાયક ઠરે છે.

(3) ભારતના રાષ્ટ્રપતિ વિજેતાઓ પસંદ કરે છે.

(4) ભારતના ઉપરાષ્ટ્રપતિના વડપણ હેઠળની સમિતિ વિજેતાઓ પસંદ કરે છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-2, તા. 21-10-2018]**

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 3 અને 4 ***Ans:*** B

**(1006)** નીચેના પૈકી કયા વિધેયક દરમિયાન સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠકની મંજૂરી આપવામાં આવે છે ?

(1) સામાન્ય વિધેયક (2) નાણાં વિધેયક (Money Bill) (3) બંધારણીય સુધારા વિધેયક

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 2 અને 3

(B) ફક્ત 1

(C) ફક્ત 3 ***Ans:*** B

(D) ફક્ત 1 અને 3

**(1007)** વૈધાનિક સંસ્થાઓ બાબતે નીચે આપેલાં વિધાનોમાંથી કયું વિધાન ખરું છે ?

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) વૈધાનિક સંસ્થાઓ એવા કાનૂન દ્વારા ઘડવામાં આવી છે કે જે સંસદ અને રાજ્ય વિધાનસભાઓ પસાર કરી શકાય.

(B) વૈધાનિક સંસ્થાઓ એવા કાનૂન દ્વારા ઘડવામાં આવી છે કે જે સંસદ અને રાજ્ય વિધાનસભાઓ પસાર કરી ના શકે.

(C) ઉપરના પૈકી કોઈ નહીં

(D) વૈધાનિક સંસ્થાઓ બંધારણના કાનૂન દ્વારા ઘડવામાં આવી છે.

*Ans:* A

**(1008)** સંસદ સત્રના સંદર્ભમાં વપરાતો શબ્દ "sine die" નો અર્થ શું છે?

**[નગરપાલિકા મુખ્ય અધિકારી (વર્ગ 3), 09-04-2017]**

(A) સત્ર વિસર્જના

(B) સત્ર બોલાવવું

(C) અચોક્કસ મુદત માટે સત્ર મોકૂફી

(D) સત્ર સમાપ્તિ

*Ans:* C

**(1009)** ભારતમાં જો કોઈ ધાર્મિક સમુદાયને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો અપાય, તો તેના અધિકારો કયા છે ?

(1) તેઓ અનન્ય શિક્ષણ સંસ્થાનોની સ્થાપના અને વહીવટ કરી શકે છે.

(2) રાષ્ટ્રપતિ લોકસભામાં આપોઆપ સભ્યનું નામાંકન કરે છે.

(3) તેઓ પ્રધાનમંત્રીના 2006ના 15 મુદ્દાના કાર્યક્રમના લાભો લઈ શકે છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 (C) ફક્ત 1 (D) ફક્ત 1 અને 2 *Ans:* A

**(1010)** ભારતની સર્વોચ્ચ અદાલતમાં વકીલાત કરવા માટે વકીલોની ત્રણ શ્રેણી હકદાર છે. નીચેની પૈકી કઈ શ્રેણી આ સૂચિમાં સામેલ નથી?

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) સંવેધાનિક વકીલો (B) અન્ય વકીલો (C) વરિષ્ઠ વકીલો (D) નોંધણી ઉપરના વકીલો *Ans:* A

**(1011)** ભારતીય બંધારણમાં પ્રતિસ્થાપિત મૂળભૂત અધિકારો સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) નથી?

(1) તમામ મૂળભૂત અધિકારો રાજ્યના યાદચ્છિત પગલાં સામે જ ઉપલબ્ધ છે.

(2) તેમાંના કેટલાક કાયદેસર રીતે લાગુ પાડી શકાય છે, જ્યારે કેટલાક લાગુ પાડી શકાય નહીં.

(3) સંસદ તેને ઘટાડી શકે છે અથવા દૂર કરી શકે છે, પરંતુ તે માત્ર બંધારણીય સુધારા દ્વારા શક્ય છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 1, 2 અને 3

*Ans:* C

www.Gujarat1.com

**(1012)** નીચેના પૈકી સર્વોચ્ચ અદાલતનો કયો ચુકાદો જાહેર રોજગારી અને શૈક્ષણિક સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામતને લગતો નથી?

**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) બાલાજી કેસ 1963
(B) પી. કે. ત્રિપાઠી કેસ 2008
(C) ઇન્દ્ર સાહની કેસ 1991
(D) એ. કે. ગોપાલન કેસ 1950

*Ans*: D

**(1013)** વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ, જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની અપેક્ષા બંધારણના કયા ભાગમાં સમાવેલી છે?

**[સમાજ કલ્યાણ નિરીક્ષક, તા. 09-12-2018]**

(A) રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો
(B) મૂળભૂત હક્કો
(C) મૂળભૂત ફરજો
(D) આમુખ

*Ans*: B

**(1014)** નીચેના પૈકી કયું કારણ ભારતની નાગરિકતાનો અંત લાવી શકે છે ?

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) બંને
(B) ફરજિયાત રીતે રદ થવી.
(C) બંને પૈકી કોઈ નહીં.
(D) સ્વરછાએ ત્યાગ કરવો.

*Ans*: A

**(1015)** રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ તથા આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવા બાબતની જોગવાઈઓ, ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં રાખવામાં આવેલી છે?

**[સમાજ કલ્યાણ નિરીક્ષક, તા. 09-12-2018]**

(A) 330 (B) 331 (C) 333 (D) 332

*Ans*: C

**(1016)** ભારતના સંવિધાનના કયા અનુચ્છેદ (Article) હેઠળ મનુષ્ય-વેપાર અને વેઠ તેમ જ તેના જેવી બળજબરીથી કરાવાતી બીજી કોઈ પ્રકારની મજૂરી પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે ?

**[સમાજ કલ્યાણ નિરીક્ષક, તા. 09-12-2018]**

(A) અનુચ્છેદ - 38
(B) અનુચ્છેદ – 23
(C) અનુચ્છેદ - 22
(D) અનુચ્છેદ - 32

*Ans*: B

www.Gujarat1.com

**(1017)** નીચેના પૈકી કઈ સમિતિ / સમિતિઓ સંપૂર્ણપણે લોકસભાના સભ્યોથી બનેલી સમિતિ છે?

(1) જાહેર હિસાબ સમિતિ (2) અંદાજ સમિતિ (3) જાહેર સાહસો માટેની સમિતિ

**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 (C) ફક્ત 2 અને 3 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં. ***Ans:*** B

**(1018)** કોણ જરૂરિયાત પડ્યે બંધારણીય સુધારા દ્વારા મૂળભૂત અધિકાર પર નિયંત્રણ લાદી શકે છે?

(A) સંસદ (B) રાષ્ટ્રપતિ (C) પ્રાધાનમંત્રી (D) રાજ્યપાલ ***Ans:*** A

**(1019)** નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

(1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરી શકાય તેવી રીતે અને તેવાં કારણો સિવાય ચૂંટણી કમિશનરને તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે નહિ.

(2) મુખ્ય ચૂંટણી કમિશનરની સેવાની શરતોમાં, તેમની નિમણૂક પછી તેમને ગેરલાભ થાય તેવો ફેરફાર કરી શકાશે નહિ.

(3) અનુચ્છેદ 326 ભારતના ચૂંટણી આયોગની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ યોજવા માટેની સત્તા બાબતની છે.

(4) ટી. એન. શેષનને 1995માં ચૂંટણી આયોગના સભ્યોને દૂર કરવા માટે અદાલતમાં અરજી કરી હતી.

**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) ફક્ત 2 અને 4 (B) 1, 2, 3 અને 4 (C) ક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 ***Ans:*** A

**(1020)** ભારતના ચૂંટણી આયોગ પાસે ............ છે.

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) અર્ધ-ન્યાયિક સત્તા (B) બંને પૈકી કોઈ નહીં. (C) સલાહકારી સત્તા (D) બંને ***Ans:*** D

**(1021)** ઉચ્ચતમ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલયોના પગાર અંગેની જોગવાઈઓ ભારતીય બંધારણની કઈ અનુસૂચિમાં છે ?

**[ક્લાર્ક, તા. 16-9-2018]**

(A) ત્રીજી અનુસૂચિ (B) ચોથી અનુસૂચિ (C) દશમી અનુસૂચિ (D) બીજી અનુસૂચિ ***Ans:*** D

**(1022)** પછાત વર્ગોની સ્થિતિની તપાસ કરવા માટે કમિશનની નિમણૂક બાબતની જોગવાઈ ભારતીય બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે ?

**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ 3), 27-05-2018]**

(A) આર્ટિકલ - 339 (B) આર્ટિકલ - 336 (C) આર્ટિકલ - 337 (D) આર્ટિકલ - 340 ***Ans:*** D

**(1023)** સૌથી વધુ વખત રાષ્ટ્રપતિ શાસનનો ઉપયોગ કયા વડા પ્રધાનના કાર્યકાળ દરમિયાન થયો છે?

**[સબ ઑડિટર / સબ એકાઉન્ટન્ટ, તા. 23-9-2018]**

(A) રાજીવ ગાંધી (B) ડો. મનમોહન સિંહ (C) જવાહરલાલ નહેરુ (D) ઈંદિરા ગાંધી ***Ans:*** D

**(1024)** વિધાનસભાની ચૂંટણી માટે કાયદો કોણ બનાવે છે?
**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-3, તા. 7-10-2018]**

(A) ન્યાયતંત્ર (B) સંસદ (C) ચૂંટણીપંચ (D) સરકાર *Ans:* B

**(1025)** જો વ્યક્તિ ......... વર્ષની વયની હોય તો તે પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ શકે છે.
**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) 30 (B) 18 (C) 21 (D) 25 *Ans:* C

**(1026)** ભારતીય બંધારણના અનુચ્છેદ 36 થી 51 માં કઈ બાબતો સમાવવામાં આવી છે ?
**[મુખ્ય સેવિકા, તા. 23-11-2018]**

(A) મૂળભૂત અધિકારો
(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(C) બંધારણીય ઇલાજોનો અધિકાર
(D) નદીઓના પાણીની વહેંચણીની બાબતો

*Ans:* B

**(1027)** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય નબળા વર્ગના લોકોના આર્થિક અને શૈક્ષણિક હિતોનું સંવર્ધન કરવાની જોગવાઈ ભારતીય બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે?
**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ 3), 27-05-2018]**

(A) આર્ટિકલ-47 (B) આર્ટિકલ-41(ક) (C) આર્ટિકલ-46 (D) આર્ટિકલ-44 (ક) *Ans:* C

**(1028)** નાણાકીય વિધેયકો સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે ?
(1) બધાં નાણાં-વિધેયકો (money bills) નાણાકીય વિધેયકો (financial bills) છે, પરંતુ બધાં નાણાકીય વિધેયકો (financial bills), નાણાં-વિધેયકો (money bills) હોતાં નથી.
(2) કેટલાંક પ્રકારનાં નાણાકીય વિધેયકો રાજ્યસભા દ્વારા બદલી અથવા અસ્વીકારી શકાય છે.
(3) કેટલાંક પ્રકારનાં નાણાકીય વિધેયકો લોકસભા અથવા રાજ્યસભા, કોઈ પણ ગૃહમાં રજૂ કરી શકાય છે.
(4) તમામ પ્રકારનાં નાણાકીય વિધેયકો ફક્ત લોકસભામાં જ રજૂ કરી શકાય છે.
**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 4 (D) ફક્ત 1, 2 અને 4 *Ans:* B

**(1029)** ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક માટે નીચેના પૈકી કયું અન્વેષણ વિવેકાધિકાર હેઠળનું છે અને આવશ્યક નથી ?
**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) વિનિયોગનું અન્વેષણ
(B) માલિકીનું અન્વેષણ
(C) સત્તાનું અન્વેષણ
(D) હિસાબી અન્વેષણ

*Ans:* B

www.Gujarat1.com

**(1030)** નાણાં આયોગ રાષ્ટ્રપતિને નીચેના પૈકી કઈ બાબતોમાં ભલામણો કરે છે ?
**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2015]**

(A) બંને
(B) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કરવેરાની વહેંચણી
(C) બંને પૈકી કોઈ નહીં.
(D) અનુદાન અને ધિરાણના ભાગલા

*Ans*: A

**(1031)** લોકસભામાં એંગ્લો-ઇન્ડિયન સમુદાયનું ખાસ પ્રતિનિધિત્વ .......... સુધી લંબાવવામાં આવ્યું છે.
**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) 2024
(B) 2021
(C) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.
(D) 2020

*Ans*: D

**(1032)** નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે ?
(1) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (1950) અનુસાર પ્રથમ વખતના મતદાર તરીકે નોંધણી માટે 18 વર્ષની વયે લાયકાત નક્કી કરવા માટેની સુસંગત તારીખનું વર્ણન આ મુજબ છે. "લાયકી તારીખ એટલે જે વર્ષમાં મતદારયાદી તૈયાર કરવામાં અથવા સુધારવામાં આવી હોય તેના જાન્યુઆરીનો પ્રથમ દિવસ"
(2) લોકસભા મતવિસ્તાર વાર મતદારયાદીઓ તૈયાર કરવામાં આવે છે.
(3) જે વ્યક્તિ "ભ્રષ્ટ વ્યવહારો." અથવા ચૂંટણી બાબતના ગુનાઓને કારણે ગેરલાયક ઠરી હોય તે મતદારયાદીમાં નોંધણી માટે હકદાર નથી.
(4) 9 નવેમ્બર, 2018ના રોજ 18 વર્ષ પૂર્ણ કરતો ભારતનો યુવા નાગરિક ડિસેમ્બર 2018માં યોજાનાર વિધાનસભા ચૂંટણીઓમાં મતદાન કરી શકશે.
**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત (1) (B) ફક્ત (2) અને (3) (C) ફક્ત (1) અને (3) (D) (1), (2), (3) અને (4) *Ans*: C

**(1033)** ભારતીય બંધારણના અનુચ્છેદ 371 બાબતે નીચેના પૈકી કયાં વિધાનો ખરાં છે?
(1) અનુચ્છેદ 371 વિદર્ભ, મરાઠવાડા અને બાકીના મહારાષ્ટ્ર માટે અલગ વિકાસ બોર્ડની સ્થાપના માટેની જોગવાઈ કરે છે.
(2) અનુચ્છેદ 371 કચ્છ અને બાકીના ગુજરાત માટે અલગ વિકાસ બોર્ડની સ્થાપના માટેની જોગવાઈ કરે છે.
(3) અનુચ્છેદ 371 અનુસાર વડા પ્રધાન મહારાષ્ટ્ર અને ગુજરાતના રાજ્યપાલોને ઉપરોક્ત જોગવાઈઓ માટે ખાસ જવાબદારીઓ સોંપવા અધિકૃત છે.
**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 2 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2 *Ans*: D

**(1034)** નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) નથી?

(1) ડો. બી. આર. આંબેડકર ડ્રાફ્ટિંગ સમિતિના અધ્યક્ષ હતા.

(2) જવાહરલાલ નહેરુએ સંઘ બંધારણ સમિતિની અધ્યક્ષતા કરી હતી.

(3) સરદાર પટેલે પ્રાંતીય બંધારણ સમિતિની અધ્યક્ષતા કરી હતી.

(4) સરદાર પટેલે રાજ્યોની સમિતિઓની અધ્યક્ષતા કરી હતી. (રાજ્યો સાથે વાટાઘાટ માટેની સમિતિ)

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 3 (B) ફક્ત 4 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 ***Ans:*** B

**(1035)** "નાગરિક સ્વતંત્રતા એ રાજકીય અને સામાજિક જીવનનો પ્રાણ છે, સ્વતંત્રતાનો પાયો છે અને જીવનનું સત્ત્વ છે." આવું કોણે કહ્યું?

**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) ગાંધીજી (B) ડો. રાજેન્દ્ર પ્રસાદ (C) જે. બી. ક્રિપલાણી (D) જવાહરલાલ નહેરુ ***Ans:*** A

**(1036)** નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રા) છે?

(1) ફર્સ્ટ જજીઝ કેસના ચુકાદાએ જાહેર કર્યું કે મુખ્ય ન્યાયમૂર્તિની રાષ્ટ્રપતિને ભલામણોની પ્રાધાન્યતાને સબળા કારણોસર નકારી શકાય છે.

(2) સેકન્ડ જજીઝ કેસના ચુકાદાએ જાહેર કર્યું કે આવી નિમણૂકોના "ન્યાયસંગતતા" અને "પ્રાધાન્યતા" સારુ મુખ્ય - ન્યાયમૂર્તિને પ્રાથમિક ભૂમિકા આપવામાં આવે.

(૩) થર્ડ જજીઝ કેસના ચુકાદાએ કારોબારી ઉપર ઉચ્ચતમ ન્યાયતંત્રની "પ્રાધાન્યતા" ના ખ્યાલને જાકારો આપ્યો.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત (1) અને (3) (B) ફક્ત (1) અને (2) (C) ફક્ત (2) અને (3) (D) ફક્ત (2) ***Ans:*** B

**(1037)** બંને ગૃહોની સંયુક્ત બેઠક બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. બંને ગૃહો (લોકસભા અને રાજ્યસભા)ની સંયુક્ત બેઠક રાજ્યસભાના નિયમાનુસાર નહીં પરંતુ લોકસભાના નિયમાનુસાર થાય છે.
2. સંયુક્ત બેઠકનું કોરમ લોકસભા અને રાજ્યસભાના કુલ સભ્યોનું 1/10 છે.
3. અત્યાર સુધી લોકસભા અને રાજ્યસભાની ફક્ત ત્રણ સંયુક્ત બેઠકો થઈ છે.
4. લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકની અધ્યક્ષતા લોકસભાના સ્પીકર કરે છે.

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) ફક્ત 2, 3 અને 4 (B) 1, 2, 3 અને 4 (C) ફક્ત 1,2 અને 4 (D) ફક્ત 1, 2 અને 3 ***Ans:*** B

**(1038)** 42માં બંધારણીય સુધારા દ્વારા બંધારણની પ્રસ્તાવનામાં કયા કયા શબ્દો ઉમેરવામાં આવ્યા?

(A) આપેલ તમામ (B) અખંડિતતા (C) ધર્મ(પંથ) નિરપેક્ષ (D) સમાજવાદ ***Ans:*** A

**(1039)** ભારતના બંધારણમાં નીચેનામાંથી કયા હોદ્દા અંગેની જોગવાઈ નથી ?

**[ક્લાર્ક, તા. 16-9-2018]**

(A) ચૂંટણી કમિશનર (B) વડા પ્રધાન (C) એડવોકેટ જનરલ (D) નાયબ વડા પ્રધાન ***Ans:*** D

**(1040)** નીચે આપેલ વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે?

(1) લોકસભા અને રાજ્યસભા સભ્યોની ચૂંટણી માટે પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિને અનુસરે છે.

(2) રાજ્યસભાના સભ્યોની ચૂંટણી રાજ્ય વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય છે.

(3) લોકસભાનું મહત્તમ સંખ્યાબળ 552 નિશ્ચિત કરવામાં આવ્યું છે.

(4) 61મા બંધારણીય સુધારા અધિનિયમ (1988) દ્વારા મતદાનની વય 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 2 અને 3 *Ans:* A

**(1041)** ભારતીય બંધારણના અનુચ્છેદ 18 અન્વયે નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાન(નો) ખરું(રાં) છે?

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) રાજ્ય, સેના અથવા વિદ્યા સંબંધિત સમ્માન સિવાય કોઈ ઉપાધિ પ્રદાન કરશે નહીં.

(B) ઉપરોક્ત તમામ.

(C) ભારતના કોઈ નાગરિક કોઈ વિદેશી રાજ્યની ઉપાધિનો સ્વીકાર નહીં કરે. *Ans:* B

(D) કોઈ વ્યક્તિ જે ભારતની નાગરિક નથી, રાજ્યને આધીન લાભ અથવા કોઈ વિશ્વાસનું પદ ધારણ કરે છે ત્યારે વિદેશી રાજ્ય પાસે કોઈ ઉપાધિ રાષ્ટ્રપતિની સહમતી વિના સ્વીકારશે નહીં.

**(1042)** અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણ બાબતમાં સંઘના નિયંત્રણ બાબતની જોગવાઈ ભારતીય બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે?

**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ 3), 27-05-2018]**

(A) આર્ટિકલ-340 (B) આર્ટિકલ-338 (ક) (C) આર્ટિકલ-341 (D) આર્ટિકલ-339 *Ans:* D

**(1043)** ભારતના સંવિધાનમાં અનુચ્છેદ (Article) 335માં શેની જોગવાઈ કરવામાં આવી છે ?

**[સમાજ કલ્યાણ નિરીક્ષક, તા. 09-12-2018]**

(A) સેવાઓ અને જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓના દાવા

(B) લોકસભા અને વિધાનસભાની બેઠકો અનામત રાખવાની

(C) લઘુમતીઓનાં હિતોનું રક્ષણ

(D) અસ્પૃશ્યતા નાબૂદી

*Ans:* A

**(1044)** ન્યાય પંચાયત બાબતે નીચેના પૈકી કયું ખોટું છે ?

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) તે લોકશાહી વિકેન્દ્રીકરણ અને ન્યાય માટેના સરળ માર્ગ તરફ દોરે છે.

(B) તે દીવાની તેમ જ ફોજદારી બંને બાબતોમાં ન્યાયિક કાર્યો ધરાવે છે.

(C) તે વૈકલ્પિક વિવાદ નિવારણ માટે તંત્ર બનાવે છે.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.

*Ans:* D

www.Gujarat1.com

**(1045)** ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ (1858)ની જોગવાઈઓ બાબતે નીચેના પૈકી કયું ખરું છે?

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ઉપરના પૈકી કોઈ નહીં

(B) બોર્ડ ઓફ કંટ્રોલ અને કોર્ટ ઓફ ડાયરેક્ટરની નાબૂદી દ્વારા બેવડી સરકાર પ્રથાનો અંત થયો.

(C) બંને

(D) બંગાળ માટે નવીન વિધાન પરિષદોની રચના માટેની જોગવાઈ પણ કરવામાં આવી.

*Ans:* B

**(1046)** ભારતના પ્રધાનમંત્રી સંસદનાં ઉપલા ગૃહમાં હોય એ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?

(1) તેઓ અવિશ્વાસની ગતિવિધિની ઘટનામાં તેમની તરફેણમાં મતદાન કરી શકશે નહીં.

(2) તેઓ લોકસભામાં, નીચલા ગૃહમાં અંદાજપત્ર પર બોલી શકતા નથી.

(3) તેઓ રાજ્યસભા, ઉપલા સદનમાં નિવેદન કરી શકે છે.

(4) પ્રધાનમંત્રીની શપથવિધિના છ મહિનાની અંદર તેઓ લોકસભાના સભ્ય બનવા જોઈએ.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1 (B) 1, 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1, 2 અને 3 *Ans:* A

www.Gujarat1.com

**(1047)** નીચેના પૈકી કયાનો વર્ષ 1976માં થયેલા સુધારા અન્વયે બંધારણમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો ?

1. સાર્વભોમ લોકશાહી પ્રજાસત્તાક

2. સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકશાહી પ્રજાસત્તાક

3. દેશની એકતા

4. દેશની એકતા અને અખંડિતતા.

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) ફક્ત 1

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2 અને 4

(D) ફક્ત 1 અને 3

*Ans:* D

**(1048)** લોકસભા તેમજ રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ તેમજ અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવાનું અને ખાસ પ્રતિનિધિત્વ આપવાનું (70) વર્ષ પછી બંધ કરવા બાબતની જોગવાઈ ભારતીય બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે?

**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ 3), 27-05-2018]**

(A) આર્ટિકલ - 331

(B) આર્ટિકલ - 333 (ક)

(C) આર્ટિકલ - 334

(D) આર્ટિકલ - 335

*Ans:* C

**(1049)** નીચેના પૈકી કયું વિધાન ભારતના રાષ્ટ્રપતિ / રાજ્યપાલો સંદર્ભે વ્યક્તિગત કાનૂની કાર્યવાહીની પ્રતિરક્ષા બાબતે ખરું નથી ?

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) રાજ્યના વડા પાસેથી ઉત્તર મેળવવા માટે ન્યાયાલય પર નોટિસ જારી કરવા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

(B) રાજ્યના વડાને કોઈ ફરજ બજાવવા માટે ન્યાયાલય ફરજ પાડી શકે નહીં.

(C) રાજ્યના વડા તેના ફરજપાલન માટે કોઈ પણ ન્યાયાલયને જવાબ આપવા બંધાયેલા નથી.

(D) વ્યક્તિગત પ્રતિરક્ષા વ્યક્તિને ન્યાયાલયમાં રાજ્યના વડાની કાર્યવાહીને પડકારવા માટે બાધિત કરે છે.

*Ans:* D

**(1050)** નીચેનામાંથી કયો વિષય ભારતના બંધારણની સાતમી અનુસૂચિની રાજ્યની રાજ્ય યાદીમાં સમાવિષ્ટ નથી ?

**[ક્લાર્ક, તા. 16-9-2018]**

(A) અશક્ત થઈ ગયેલા અને કામ ઉપર ન લઈ શકાય તેવાઓને રાહત

(B) જેલો, સુધારગૃહો

(C) જમીન અને મકાનો ઉપરના કર

(D) સ્ટોક, એક્સચેન્જ

*Ans:* D

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

Updates on WhatsApp: Click Here Telegram: Click Here

OJAS-MG on Telegram: Click Here

Download More Books: Click Here OR visit gujarat1.com/books

Report mistake if any on info@gujarat1.com

www.Gujarat1.com